**મોસ્ટ અરજન્ટ/ઇ-મેઇલથી.**

ક્રમાંક:અનદ/ધ/ફાજલ/૨૦૧૦-૧૧/
કમિશનર, શાળાઓની કચેરી,
૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા.૦૧/૦૩/૨૦૧૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારશ્રી,
તમામ.

**વિષય:-બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓના ફાજલ થતા શિક્ષકોને સમાવવા બાબત.**

સંદર્ભ:- (૧) શિ.વિ.ના ઠરાવ ક્ર:બમશ/૧૩૧૦/૧૨૦૧/ગ, તા.૨૨/૧૧/૨૦૧૦
(૨) આ કચેરીના પત્રાંક:બમશ/મા.૧/ધો-૮/ફાજલશિક્ષક/મ.મા./૧૦,/૨૫૨૦૯-૩૫ તા.૧૪/૧૨/૨૦૧૦
(૩) શિ.વિ.ના ઠરાવ ક્ર:બમશ/૧૩૧૦/૧૨૦૧/ગ, તા.૨૫/૦૨/૨૦૧૧
(૪) શિ.વિ.ના પત્ર ક્ર:બમશ/૧૩૧૦/૧૨૦૧/ગ, તા.૦૧/૦૩/૨૦૧૧

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, સંદર્ભ-૧ અને ૨ થી ધોરણ-૮ને અપર પ્રાથમિક શાળામાં સમાવેશ થવાના કારણે બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાના ફાજલ થતાં શિક્ષકોને રક્ષણ આપવા બાબતે તેમજ તે અંગે આનુષંગિક કાર્યવાહી કરવા સુચના આપવામાં આવેલ છે. સંદર્ભ-૧માં જણાવેલ શિક્ષણ વિભાગના તા.૨૨/૧૧/૧૦ના ઠરાવમાં કયા શિક્ષકોને ફાજલ કરવા તે અંગે તેમજ વર્ગદીઠ વિદ્યાર્થી પ્રવેશ સંખ્યા તેમજ સરાસરી હાજરી અંગે સ્પષ્ટતાઓ બહાર પાડવા અંગે સરકારશ્રીએ પુખ્ત વિચારણાના અંતે સંદર્ભ દર્શિત ક્રમાંક-૩માં જણાવેલ શિક્ષણ વિભાગના તા.૨૫/૨/૨૦૧૧ના ઠરાવથી સુચનાઓ બહાર પાડેલ છે. જેની નકલ આ સાથે સામેલ રાખેલ છે. ઉક્ત બંને ઠરાવો ધ્યાને લઇ ઠરાવમાં સુચવ્યા મુજબની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા તમામ જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે.

⇒ આ કાર્યવાહી તા.૩૧/૩/૨૦૧૧ સુધીમાં કેમ્પ રાખીને પારદર્શક કાર્યવાહી કરીને પૂર્ણ કરવાની રહેશે.

⇒ શક્ય હોય ત્યાં સુધી વિષયની જરૂરીયાત ધ્યાને લઇ આવા શિક્ષકોને જિલ્લાઓની અનુદાનિત શાળાઓમાં ખાલી જગ્યા ઉપર તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીના પરર્મશમાં રહી અપર પ્રાથમિક શાળાઓમાં સમાવવાના રહેશે.

⇒ શિક્ષણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૧૦ના ઠરાવ મુજબ સંપૂર્ણ કાર્યવાહી બાદ જે શિક્ષકોને અનુદાનિત માધ્યમિક શાળા કે શિક્ષણ સમિતિ સંચાલિત અપર પ્રાથમિક શાળામાં આપના જિલ્લામાં ન સમાવી શકાય તેવા શિક્ષકોની યાદી સંદર્ભ-૨થી આ કચેરીના પત્રમાં જણાવેલ નિયત પત્રક-૧ થી ૪માં સંપૂર્ણ માહિતી આ કચેરીને તા.૦૧/૦૪/૨૦૧૧ સુધીમાં મોકલી આપવાની રહેશે.

⇒ સમગ્ર કાર્યવાહી સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ સરકારશ્રીના સ્થાયી ઠરાવો, જોગવાઇઓ, પરિપત્રોનું પાલન કરવાનું રહેશે અન્યથા આ અંગે ઉભી થનાર પરિસ્થિતિ અંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની જવાબદારી રહેશે.

ઉપરોકત કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૧૧/૨/૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક:બમશ/૧૧૦૯/૧૧૦૬/ગ અન્વયે આપના જિલ્લામાં બિન સરકારી અનુદાનિત માધ્યમિક / ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વિષયવાર તેમજ કેટેગરી વાઇઝ કેટલા શિક્ષણ સહાયકો/આચાર્યની જરૂરીયાત ઉભી થશે તે અંગેનું માંગણા પત્રક તા.૭/૪/૨૦૧૧ સુધીમાં સંપૂર્ણ વિગતો સાથે A-4 સાઇઝ પેપરમાં સરકારશ્રીએ નિર્ધારીત કરેલ શ્રુતિ (ગુજરાતી) ફોન્ટમાં EXCEL માં સોફટ કોપી તથા હાર્ડ કોપીમાં મોકલવાની રહેશે. આ માંગણા પત્રક વિષયવાર કાર્યભારની ચકાસણી, રોસ્ટર રજીસ્ટરની ચકાસણી કરી સરકારશ્રીના સ્થાયી ઠરાવ અને જોગવાઇઓ અન્વયે પુરી ચકાસણી કરી મોકલવાનું રહેશે.

આ સુચનાઓનો તાત્કાલિક અમલ કરવાનો રહેશે.

(ડૉ.વી.બી.ભેંસદડીયા)
સંયુકત શિક્ષણ નિયામક(માધ્યમિક)
ગુ.રા., ગાંધીનગર.